





### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**૧૨ જૂન ૨૦૨૫, બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય કાકાજી મહારાજ જયંતી, શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ, શ્રી માણાવદર તીર્થધામ.**

**શ્રી** માણાવદર મંદિરની મૂર્તિઓના ૬૦મા પાટોત્સવ પર્વ અને દાદુકાકા પ્રાગટ્યપર્વની જય જય જય !

૧૯૬૪માં શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના પાયા ખોદાયા પછી યોગીબાપા અમદાવાદ થઈને ગોંડલ પધારતા હતા. આણંદ સ્ટેશન પર અમે બધા બાપાનાં દર્શન કરવા, બાપાના આશીર્વાદ લેવા ગયા ત્યારે બાપાએ મને બોલાવીને કહ્યું, 'માણાવદર મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા છે તો તમે બધા યુવાનો આવો. પણ આ રતિલાલ ને ચશ્માવાળા (પૂ. ડૉ. સનંદભાઈ)ને અહીં રોકજો. છાત્રાલયનું કામ ચાલુ છે તો તેઓ તેની દેખરેખ રાખે.' એ પ્રમાણે રતિભાઈ અને સનંદભાઈને અહીંનું કામકાજ સોંપીને અમે પહેલાં ગોંડલ ગયા. ત્યારે વૈશાખ મહિનો હતો. વૈશાખ વદિ બારશે બાપાનું પ્રાગટ્યપર્વ. તે દિવસે સવારે અમે ગોંડલ પહોંચ્યા. પછી તૈયાર થઈને સભામાં બેઠા. પ.પૂ. યોગીબાપાના પ્રાગટ્યપર્વની સભા ગોંડલ મંદિરના સભાખંડમાં હતી. બધાનાં પ્રવચન ચાલતાં હતાં. એટલામાં પ્રવચન કરવા માટે મારું નામ બોલાયું. અમો સૌને તો દાદુકાકાનો બે વર્ષથી યોગ હતો અને સતત બે વર્ષથી દાદુકાકા પ્રગટની ઉપાસનાની ને બાપાના માહાત્મ્યની ખૂબ વાતો કરતા; એટલે એ કથા બધી સાંભળેલી. મને પ્રવચન કરવા ઊભો કર્યો એટલે પ્રવચનમાં મેં બાપાના મહિમાની વાતો કરી. દાદુકાકા કહેતા કે, 'અક્ષરધામમાં જે છે એનું એ જ ભગવાનનું દિવ્ય સ્વરૂપ આપણી સમક્ષ છે, તો બે હાથ જોડીને એમની આજ્ઞા પાળીએ ને સૌની નિર્દોષભાવે સેવા કરી લઈએ.'–આવી બધી વાતો કરી તેથી બધાને આનંદ થયા ને તે વ્યક્ત કરવા તાલીઓ પણ પાડી.

ત્યાં એક ગેસ્ટહાઉસ હતું જ્યાં દાદુકાકા ઊતરતા. અમે બધા ત્યાં સેવામાં જતા. તે દિવસે સવારે વહેલા ઊઠેલા તેથી સવારે યોગીબાપાનાં દર્શન કરી, એ ગેસ્ટહાઉસના ચોકમાં એક ખાટલો હતો, તેમાં આવીને હું સૂઈ ગયો. થોડી વાર પછી બે ભાઈઓ આવ્યા એટલે બેઠો થઈ ગયો. એક ડાબી બાજુ ને બીજા જમણી બાજુ બેઠા. પછી એમણે મારી લૅફ્ટ-રાઈટ લેવા માંડી: 'ક્યાંથી આવું શીખી લાવ્યો ? કોણે તને આ શિખવાડ્યું છે ? ભાષણ કરતાં ના આવડતું હોય તો ના બોલીએ, શું કામ બોલ્યો ? આવું બોલવા તને ઊભો કર્યો હતો ?' બાપ રે બાપ ! હું તો આશ્ચર્યમાં પડી ગયો કે આ ભાઈઓને શું થયું ? તેઓ સામાન્ય હરિભક્તો નહોતા, બહુ મોટા જ્ઞાની અને પૂજનીય ભક્તો અને બી.એ.પી.એસ. સંસ્થાના ટ્રસ્ટીઓ પણ હતા. વારાફરતી બંનેએ ફાયરિંગ કરવા માંડ્યું. પણ, ખરેખર બાપાએ કૃપા કરી દાદુકાકાનો યોગ આપ્યો હતો એટલે દાદુકાકાએ ભગવાનનું કર્તાહર્તાપણું સમજાવેલું અને 'જે કંઈ પણ થાય છે, જે થઈ રહ્યું છે એ આપણા હિત માટે બાપા કરે છે એવું માની વર્તવું એ કર્તાહર્તા માન્યા.' એ વાતનું પ્રૅક્ટિકલ જ્ઞાન આ પ્રસંગ દ્વારા મને આપવું હતું. તેથી હું તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરી 'બાપા મારી રક્ષા કરજો. એમના વિશે મને ભાવફેર ના થાય. અને આ મુક્તો જે કહે છે એ જો સાચું હોય તો મારી ભૂલ સુધારજો.' કાકાજીનો જે જોગ હતો તેના પરિણામે આવી હકારાત્મક પ્રાર્થના થઈ ગઈ. બાપા કહેતા કે, 'એવા સત્પુરુષનો યોગ હોય તો તેઓ આપણી મોટા ભય થકી રક્ષા કરે.' શો ભય? તો ભગવાનના ભક્તોના અભાવ, ખટપટમાં પડી જાવ તો બહુ મોટું પ્રારબ્ધ ઊભું થાય – એ ભયંકર ભય છે. ગમે એટલાં અપમાન થાય, ગમે એટલા હડકારે, પણ એમના વિશે ભાવભેર ના થાય. તેના દ્વારા ભગવાન મારા હિત માટે કરી રહ્યા છે તેવું માનીએ તો ભયથી રક્ષા થાય. પણ આવું ક્યારે મનાય ? તો એવા સત્પુરુષનો યોગ હોય ત્યારે અને એવા સંતોને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો એમની વાત મનાય, એનો અમલ થાય. એટલે આ બંને મુક્તો

આટલું બધું બોલ્યા, પણ હું તો એમના વિશે ભાવફેર ના થાય એ માટે અંદરથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરતો હતો. હું બેઠો બેઠો અંતરથી ભજન કરું ને પેલા બેયનું ફાયરિંગ તો ચાલુ જ હતું.


ત્યારે એક બહુ મોટા હરિભક્ત-માણેકલાલ શેઠ કે જેમણે મહંત સ્વામીને સંતોને દીક્ષા આપ્યા પછી મુંબઈ-કાંદીવલી એમના બંગલે ભણવા રાખ્યા હતા તેઓ ગૅસ્ટહાઉસમાં અંદર બેઠા હતા ને બેઠા બેઠા આ બંનેની વાતો સાંભળતા હતા. બહુ ચાલ્યું એટલે તેઓ એકદમ ઊભા થઈને ગૅસ્ટહાઉસમાંથી બહાર આવ્યા ને પડકારો કર્યો, 'અલા એય, ક્યારના શેના બડબડ કરો છો! એ છોકરાને જે દેખાયું એ બોલ્યો. તમને ના દેખાય તો ના બોલશો. ઊભા થઈ જાવ.' પેલા બેઉ જતા રહ્યા ને આપણી રક્ષા થઈ ગઈ. શી રક્ષા થઈ ? તો કાકાજીનું હેત હતું તો કાકાજીની વાતનો સ્વીકાર થયો ને નિર્દોષભાવ રાખ્યો તો આપણે કશું કહેવું ના પડ્યું ને બંનેને ઉઠાડી દીધા. અને નિર્દોષભાવ રહ્યો તો બાપા રાજી થયા એ છોગામાં ! દાદુકાકાએ આવાં કામ કર્યાં છે.

સત્સંગનો પ્રસાર ને પ્રચાર તો બહુ થયો છે. પણ તેમાં બાપાના અભિપ્રાય પ્રમાણે જ કાકાએ કામ કર્યું છે, એટલે દાદુદાકાકા માટે એમ કહેવાતું-નિર્દોષબુદ્ધિના રાજા છે ! નિર્દોષબુદ્ધિ પોતે રાખી અને તેઓના જીવનના વર્તનમાં હતું તો અમારા સૌ યુવાનોના વર્તનમાં પણ આવ્યું. આ પ્રસંગ પછી આવા કોઈ પ્રસંગ બને તો ખરેખર મને કશું લાગતું નથી. કોઈ વઢે, ના ફાવે તો હસી કાઢું. કોઈને થાય કે આને કંઈ સમજ પડતી લાગતી નથી. જેને જે સમજવું હોય તે સમજે, પણ બાપા રાજી થાય છે ને ! કોઈ સારું બોલે, કોઈ ખોટું બોલે એવું તો સતત રહેતું હોય છે, પણ એમનામાં રહીને મહારાજને જે બોલવું હોય તે બોલે. અને આપણે પણ સ્વતંત્ર છીએ, કોઈ ગમે તે બોલે, પણ તેમનામાં રહીને પ્રભુ બોલી રહ્યા છે એવું માનવામાં આપણે સ્વતંત્ર છીએ. એવો નિશ્ચય કરીએ તો હસતા-રમતા, ખેલતા-કૂદતા, હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઊઠીને કામ-ક્રોધાદિક દોષ રહિત થઈ જવાય એવો અદ્ભુત સત્સંગ આપણને મળ્યો છે. એનું બહુ મોટું મૂલ્ય છે. તે મૂલ્ય આ રીતે ચૂકવાય કે-કોઈનેય વિષે અભાવ નહીં; કાકાએ આ શિખવાડ્યું.

પ.પૂ. યોગીબાપાનો પ્રાગટ્યપર્વ ઊજવ્યા પછી ગોંડલથી અમે અહીં માણાવદર મંદિરે આવ્યા. મંદિરેથી મૂર્તિઓનું સરસ પ્રૉસેસન નીકળ્યું હતું. અહીંથી નીકળી, પટેલ ચોકમાં થઈ પાછા મંદિરે આવ્યા હતા. અને અહીંયાં બાપાએ મૂર્તિપ્રતિષ્ઠા કરી. પણ કાકાજીએ માણાવદર, સરદારગઢ ને આજુબાજુનાં ગામોના ભક્તોના હૃદયમાં યોગીજી મહારાજના પ્રગટપણાનો, અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો એવો મહિમા સ્થાપિત કર્યો હતો કે, વણકહ્યે બાપાએ કાકાના જન્મદિવસે-૧૨ જૂને જ માણાવદરને અદ્ભુત નજરાણા તરીકે આ મંદિરની ભેટ આપી અને આપણને કાકાની કાયમી સ્મૃતિ આપી.

મંદિરનું રિનોવેશન અદ્ભુત થયું છે ! અશ્વિનભાઈ, શાંતિભાઈની પ્રેરણાથી રણછોડભાઈ, અરુણભાઈની ઇચ્છા હતી કે આ મંદિરને સરસ બનાવવું. આ મંદિરનું રિનોવેશનનું કામ ચાલતું હતું. મંદિરના હૉલનું તળિયું ઊંચું લેવું હતું. જો તળિયું ઊંચું લઈએ તો દેરી અને શ્રી ઠાકોરજી નીચા થઈ જાય. યોગીજી મહારાજે મંદિરમાં જે મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરી છે એ સ્થાનને આઘુંપાછું નહોતું કરવું અને મૂર્તિઓને પણ બદલવી નહોતી. અત્યારે સાયન્સ અને ટૅક્નોલૉજીનો એટલો વિકાસ થયો છે કે, આપણી ટૅક્નિકલ ટીમે આવીને આખી દેરીને લિફ્ટ-ઊંચી કરી ને પછી આખું તળિયું ઊંચું કર્યું. દેરી એમની એમ ઇનટૅક્ટ રાખી છે. મૂર્તિઓને ફક્ત કલરકામ કર્યું, બાકી બાપાએ જે પ્રતિષ્ઠા કરી એ જ મૂર્તિઓ છે, એ જ દેરી અને શિખર છે. પછી બંને બાજુમાં ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદા, કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજીની મૂર્તિઓ જે પધરાવી છે એટલું વધાર્યું છે પણ વચ્ચેનું જે આખું માળખું છે તે અને અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ ને ગુરુદેવ યોગીજી મહારાજની મૂર્તિઓ બાપાએ પ્રતિષ્ઠત કરેલ એની એ જ મૂર્તિઓ છે એમાં જરાય ફેરફાર કર્યો નથી. આ જ અક્ષરદેરી હતી અને ઉપર શિખર ને બધું એનું એ જ છે એમ કહીએ તો ચાલે. કોઈને ખ્યાલ ના આવે એટલું અદ્ભુત કામ થયું છે ! ધન્ય છે આપણી ઍન્જિનિયરિંગ ટીમને, ધન્ય છે અરુણભાઈ, રણછોડભાઈ, દિનાભાઈ ને અહીંના સંતોને ! બાપાએ જ્યારે પ્રતિષ્ઠા કરી ત્યારે અમે આ મંદિર જોયેલું, અને પછી અત્યારે રિનોવેશન કર્યું ત્યારે જોયું, તો ત્યારના ને અત્યારના મંદિરમાં ખરેખર આકાશ-પાતાળનો ફરક છે. શ્રી ઠાકોરજીએ આ અક્ષરદેરી તુલ્ય મંદિરમાં બિરાજમાન થઈને એટલી બધી પ્રગતિ કરાવી છે !

તમારું કોઈ ખરાબ બોલતો હોય,
તમારી કોઈ દુશ્મની કરતો હોય-એને એ કરવાની છૂટ છે,
એ ભલે કરતો. પણ આપણને પણ
એમના વિશે નિર્દોષભાવ રાખવાની છૂટ છે.





**અક્ષરધામરૂપ થવા માટે**
**અઠવાડિક સત્સંગસભા કરવાની,**
**અડધો કલાક ધૂન કરવાની, જે કમાઓ છો તેની**
**૧૦ ટકા સેવા ગુરુવચને મંદિરમાં અચૂક આપવાની**
**અને ૧૦ ટકા આયુષ્યનો ધર્માદો પણ કરવાનો.**

અહીંના સંતો પણ એવા સરસ છે, ખરેખર સામાન્ય સાધુઓ નથી. સંપ, સુહૃદભાવ, એકતા રાખીને, એકબીજાને પૂરક બનીને સરસ જીવન જીવે છે. અહીંના યુવાનો પણ બધા હોનહાર છે. અત્યારે મોટા ભાગના યુવાનો તો રાજકોટ, જૂનાગઢ, અમદાવાદ સૅટ થયા છે, અહીં તો ગણ્યાગાંઠ્યા જ રહ્યા છે. બધા આઈ.ટી. સ્પેશ્યાલિસ્ટો છે, સારી સારી પોઝિશન પર છે, નોકરી-ધંધો-વ્યાપાર કરે છે. પણ, જ્યારે પણ અમારા અરુણભાઈ-દિનાભાઈ ને કોઈ સંતો ફોન પર સમાચાર મોકલે - સાધુ-સંતોની હાકલ પડે એટલે ગમે ત્યાંથી એ બધા સેવકો બધું કામ પડતું મૂકીને અહીં સેવામાં હાજર થઈ જાય. ડેકોરેશન, સાંસ્કૃતિક કાર્યક્રમ કે માઈક ગોઠવવાનું ને બધું ગોઠવી દે. અમારી આ બધી રેસ્ક્યૂ સર્વિસ છે. શાબાશ ! ખરેખર અમો સૌના આ યુવાનોને ધન્યવાદ છે ! અમદાવાદના બધા યુવાનો આવ્યા છે. એ લોકો પણ એટલું જ કામ કરે છે. અશ્વિનભાઈએ સૂચના આપી કે, 'માણાવદર શિબિર છે તમે આવી જાવ.' તો બધું ઍડજસ્ટ કરી, બધું ગોઠવી, છોડીને અહીંયાં આવી ગયા. તમે જુઓ તો એકેય નવરા નથી, પણ ભગવાનના કામ માટે તૈયાર ! શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, તમે જંગલમાં જતા રહો ને બધું છોડીને બેસી જાવ એ ત્યાગ છે, એની ના નથી. પણ ગમે એટલી પ્રવૃત્તિમાં હોવ, ગમે એટલા કામમાં હોવ પણ સાધુ, સંત કે ગુરુનો ઑર્ડર આવે તો બધું ગૌણ થઈ જાય; એ સાચો ત્યાગ છે. એવાં ત્યાગી યુવાન-યુવતીઓ, ગૃહસ્થોને મારાં વંદન છે !

દાદુકાકાએ એવું જીવન જીવીને બતાવ્યું. કાકા ગમે એટલા કામમાં હોય, પણ બાપાનો સંદેશ મળે કે, 'દાદુભાઈ આવી જજો' તો કાકાને બાપા પાસે જતા કોઈ રોકી ના શકે. બાપાની આજ્ઞા, બાપાનું કાર્ય, બાપાનો અભિપ્રાય, બાપાને શું ગમે છે ? એનું દાદુકાકાને ખૂબ અનુસંધાન હતું. તેઓ ખરેખર બાપારૂપ હતા, તો એમની સાથે રહીને અમારી વ્રતધારી સંતોની આ સાધના પણ સરળ ને આનંદદાયક થઈ ગઈ. કાકાજીનો યોગ હતો તો પપ્પાજી પાસે એમની આજ્ઞામાં રહીને જીવન જીવવાનું અમારા માટે સરળ થઈ ગયું. એવા કાકાજીના પ્રાગટ્યપર્વે આપણને સૌને બાપાએ આવી અક્ષરદેરી તુલ્ય મંદિરની ભેટ આપી, કાકાની કાયમ માટે આપણને સ્મૃતિ આપી છે એ માટે યોગીબાપાને ખરેખર લાખ લાખ લાખ વંદન ! દાદુકાકાને લાખ લાખ વંદન! અને વિશેષ દેવશીબાપા, હરિભાઈ, ભવાનબાપા, જશમદભાઈ, નરશીફૂવા, વશરામ ને સૌ વડીલોને સંભારવા પડે. આ લોકો માણાવદર ને આજુબાજુનાં ગામોમાં સત્સંગ માટે ખરેખર સમર્પિત થઈને જીવન જીવ્યા છે. તો તેઓ સૌને પણ આ નિમિત્તે આપણા સૌનાંય લાખ લાખ વંદન ! બધા ભક્તોને પણ ધન્ય છે ! તેઓને પણ લાખ લાખ વંદન !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

**(પાટોત્સવ સભામાં આશીર્દાન)**

* * * * *

**અક્ષરદેરી** તુલ્ય માણાવદરના મંદિરની મૂર્તિઓના પાટોત્સવ વિધિના હીરક મહોત્સવની જય ! ખરેખર ખૂબ આનંદનો દિવસ !

બાપા કેવા અદ્ભુત પુરુષ હતા ! એટલા છૂપા કે સામાન્ય સાધુ કરતાંય સામાન્ય લાગે. સામાન્ય જ્ઞાની લાગે, જાણે કશી સમજ જ ના પડતી હોય. અમદાવાદમાં બાબુભાઈ કોઠારી શાસ્ત્રીજી મહારાજને કહે કે, 'સ્વામી, તમારી ઉંમર થઈ ગઈ, આ બધાં મંદિરો તૈયાર થઈ રહ્યાં છે, દેશ-પરદેશમાં આટલા બધા ભક્તો વધ્યા છે તો તમારો કોઈ વારસદાર નીમતા જાવ તો બધું પાછળ સાચવે.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'આ યોગી મારા વારસદાર છે ને !' બાબુભાઈ કોઠારી કહે, 'યોગી ? એ તો ભલાભોળા સાધુ છે, એ કેમનું તમારું સાચવશે ?' યોગીજી મહારાજને બધા આવા જ જાણતા. જૂનાગઢથી વિજ્ઞાનાનંદ સ્વામી ને પાંચ સંતો નીકળ્યા હતા. હકા ખાચર લખે છે, 'એમાં ભેળા યોગીજી મહારાજ હતા, એ આખો દિવસ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરે ને તાળીઓ પાડી ભજનો ગાય-હસતા જ હોય. અમને એમ થાય કે આમને કશું સમજાતું નથી.' તમે જુઓ તો કોઈને ખ્યાલ જ નહોતો. પણ ધન્ય છે દાદુકાકાને ! યોગીજી મહારાજે આપણા માટે આવા દિવ્ય પુરુષને પસંદ કર્યા. કરમસદ ચરોતરનું પાણીદાર ગામ કહેવાય. જ્યાંથી વીર વિઠ્ઠલભાઈ ને સરદાર વલ્લભભાઈ પ્રગટ થયા. એ જ ગામમાં દાદુકાકા ને પપ્પાજી પ્રગટ થયા આધ્યાત્મિક રીતે-એવું પાણીદાર ગામ. શૂરવીર-કશાથી ડરે નહીં, કશાથી પાછા ના પડે એવા તેઓ દિવ્ય પુરુષ ને પાછા ભણેલા-ગણેલા, આખી દુનિયા ફરેલા. એવા કાકાને પસંદ કરી ૩જી ફેબ્રુઆરી, ૧૯૫૨માં બાપાએ ગોંડલ મંદિરે સમાધિ કરાવી. અને આ યોગીજી મહારાજ સામાન્ય સાધુ નથી, અજ્ઞાની નથી, કશી સમજણ પડતી નથી એવું નથી. સ્વયં

ભગવાન એમનામાં અખંડ રહ્યા છે. એમના દ્વારા ભગવાન દર્શન દે છે, આશીર્વાદ આપે છે. અક્ષરધામમાં છે તે સ્વામિનારાયણ ભગવાન તેઓ દ્વારા-સંત દ્વારા આપણને મળ્યા છે. આ વાત દાદુકાકાએ છડેચોક કહી અને ખરેખર ખૂબ મહિમા પ્રસરાવ્યો ! અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના-પ્રગટની ઉપાસનાના પ્રવર્તનનું કામ કાકાએ કર્યું. આપણે જોઈએ છીએ કે પછી બી.એ.પી.એસ. સંસ્થામાં અદ્ભુત પરિવર્તન આવ્યું.


દાદુકાકા પણ બાપાની અનન્ય પ્રસન્નતાનું પાત્ર ! કાકાને સમાધિ થઈ પછી દેશ-પરદેશ-આખો સમાજ બાપાના જેટલું જ એમને સૌ માન આપતા. મુંબઈના અમુક હરિભક્તો તો તેમને 'છોટા યોગી' કહેતા, આ યોગીનું જ સ્વરૂપ છે એટલું બધું માન-સન્માન ! પ્રવચન સાંભળવા તો હકડેઠઠ ભક્તો ભેગા થાય. તાડદેવ બધાની અવરજવર વધી જાય. તાડદેવમાં ૮૪ પગથિયાં છે. એટલાં પગથિયાં ચઢી ચઢીને કાકાજીનો સમાગમ કરવા બધા જતા. શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રથમ ૨૭ વચનામૃતમાં લખ્યું છે-'વડવાનળ અગ્નિ જેવા સાધુ - જેમના થકી ભગવાન આ પૃથ્વી ઉપર અખંડ રહ્યા છે.' સમુદ્રમાં અગ્નિ રહ્યો છે પણ સમુદ્રના પાણીથી ઓલવાતો નથી. ઊલટું, સમુદ્રની ખારાશને દૂર કરી તેમાંથી વાદળો બને છે ને વાદળોનું મીઠું પાણી વરસે છે, એનાથી હજારો લોકો સુખી થઈ જાય છે. એમ વડવાનળ અગ્નિ સમ સાધુ - જેઓ અખંડ ભગવાનના ધારક છે, જેમના દ્વારા ભગવાન પૃથ્વી પર વિચરણ કરે છે અને માયામાં રહ્યા થકા પણ માયાથી નિર્લેપ રહે છે. એ 'વચનામૃત'માં મહારાજ કહે છે, 'અમને માન-સન્માન આપતો હોય, હાર પહેરાવતો હોય, એનાથી અમે હર્ષ ના પામીએ. અને એનો એ જ માણસ પાછો ગાળો ભાંડે, અપમાન કરે તો એનાથી અમે શોક ના પામીએ. અમે અમારી મસ્તીએ મસ્ત છીએ, પ્રભુની મસ્તીએ મસ્ત છીએ.' દાદુકાકાનું આવું જીવન હતું. પ્રભુની મસ્તીએ કાકા મસ્ત હતા એ અમે જોયું છે.

બાપાની આજ્ઞાથી બહેનોનું જે કાર્ય ઊપડ્યું, એના કાકાજી જ આગેવાન હતા. આફ્રિકાથી પપ્પાજી આવ્યા. પપ્પાજીના સાંનિધ્યમાં બહેનોની પ્રવૃત્તિ શરૂ થઈ એને લઈને કાકાએ ખૂબ અપમાન સહન કર્યાં છે. યોગીબાપાએ ૧૯૬૩માં ફેબ્રુઆરી મહિનામાં આણંદ મંદિરે અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ ને અમારા બધાનો હાથ દાદુકાકાના હાથમાં આપીને દાદુકાકાને કહ્યું કે, 'હવે આ લોકોની આધ્યાત્મિક જવાબદારી તમારે સંભાળવાની અને વ્યાવહારિક માર્ગદર્શન પણ તમારે આપવાનું છે.' અને સાથે સાથે બાપાએ અમને એવું કહ્યું કે, 'હવેથી તમે દાદુભાઈની આજ્ઞામાં રહેજો.' અને પછી કાકા ૧૯૬૩થી ૬૬ ચાર વરસ લાગલાગટ મુંબઈથી વલ્લભવિદ્યાનગર આવતા રહ્યા, અમારી સાથે રહ્યા, અમને દોરતા રહ્યા, મહિમાસભર વાતો દ્વારા અમો સૌને માહાત્મ્યમાં તરબોળ કર્યા, પ્રેમ આપતા રહ્યા. ૧૪ મે, ૧૯૬૬માં જ્યારે યોગીબાપાએ અમદાવાદ શાહીબાગ મંદિરે મંત્રદીક્ષા આપી કે, 'તમારે સૌએ સંસારમાં જવું નથી, તમને સૌને સાધુ બનાવવા છે પણ ભગવાં કપડાંવાળા નહીં, આ જ કપડે સાધુ રાખવા છે. તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.'

અમે જૂન-૧૯૬૬માં બાપા અને પ્રમુખસ્વામીની આજ્ઞાથી સંસ્થામાંથી નીકળ્યા પછી ૧૯૬૭માં શ્રીજી કૉલોનીમાં રહેતા હતા. પ.પૂ. યોગીબાપાની આજ્ઞાથી ૧૯૫૭-૫૮થી વિદ્યાનગરમાં કૉલેજની હૉસ્ટેલમાં યુવકોની અઠવાડિક સત્સંગસભા દર ગુરુવારે કરતા હતા. તે પ્રમાણે ૧૯૬૭ના જાન્યુઆરી માસમાં ગુરુવારના દિવસે શ્રીજી કૉલોનીમાં અઠવાડિક સત્સંગસભા હતી. તે દિવસે પ.પૂ. કાકાજી મુંબઈથી આવેલા તો તેઓ પ.પૂ. પપ્પાજી સાથે શ્રીજી કૉલોનીમાં સભામાં આવ્યા. સભામાં અમે દસ-અગિયાર ભાઈઓ જ હતા. કાકાજીએ અચાનક જ અમને કહ્યું કે, 'ભગવાંધારી સાધુ થવાની તો બાપાએ તમને ના પાડી છે અને ભગવા હૃદયના સાધુ બનવા માટે સંસારમાં જવાની પણ ના પાડી છે. તો આપણે એમ કરીએ કે તમને પ્રત્યેકને અત્યારે વ્રત લેવડાવીએ.' તે દિવસ પોષી પૂનમનો હતો ને પાછો ગુરુવાર હતો. તેઓ સાથે સોનાબાએ ફૂલ મોકલ્યાં હતાં. કાકાજીએ પાણી આપીને પ્રભુના અર્થે જીવન જીવવાનું વ્રત લેવડાવ્યું. ૧૯૬૭ના જાન્યુઆરીમાં ૯ યુવાનોએ પહેલાંમાં પહેલું વ્રત લીધું. અને ત્યારથી યુવાનો માટે વ્રતધારી સાધુઓનો સાધુતાને માર્ગે ચાલવાનો આખો માર્ગ શરૂ થયો.

હવે પ.પૂ. દાદુકાકાના પ્રસંગની વાત. છાત્રાલયનું જ્યારે કામ ચાલતું હતું ત્યારે અને છાત્રાલય ચાલુ થયા પછી પણ કાકાજીની મુંબઈથી વલ્લભવિદ્યાનગર આવન-જાવન રહેતી હતી. એક દિવસ કાકાજી ગોરધનભાઈ કૉન્ટ્રાક્ટરની ગાડીમાં આણંદ મંદિરે દર્શન કરવા ગયા. ત્યારે તો અમે ભણતા હતા એટલે અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં હતા. પણ ગોરધનદાસે આવીને

મંદિરમાં આવીને સેવા કરો અને
કોઈની ખટપટ, માથાકૂટ, અમહિમા, ભાવફેરમાં પડશો
જ નહીં. આટલું કરવાથી મોટા પુરુષની પ્રસન્નતા પ્રાપ્ત થતાં
જે માંગો તે મળશે, ને શોધો તે જડશે. તમે ખુદ અક્ષરદેરી
બની જશો. એવા આપણાને સૌને બનાવવા છે.





**આપણને સૌને અદ્‌ભુત સત્સંગ મળ્યો છે,
અદ્‌ભુત સંતો મળ્યા છે, અદ્‌ભુત સત્સંગ સમાજ મળ્યો છે !
બાપા કહે, 'હવે તો આપણે
ખોતરીને દુઃખ ઊભું કરીએ તો દુઃખ છે.
બાકી દુઃખ છે જ નહીં. સુખ, સુખ ને સુખ જ છે.'**

વાત કરેલી. કાકાજી જેવા મંદિરમાં ગયા એવા એક હરિભક્ત-ખૂબ મોટા માણસ હતા, તેમણે દાદુકાકાને મંદિરના પ્રવેશદ્વારે જ ઊભા રાખ્યા. ત્યારે ગુણાતીત જ્યોતની-બહેનોની પ્રવૃત્તિ શરૂ થયેલી. હજુ તો બહેનો તાડદેવમાં રહેતાં હતાં, વલ્લભવિદ્યાનગરમાં રહેવા આવેલાં નહિ, પણ આડીઅવળી ભાતભાતની વાતો થતી. એ બધી વાતો સાંભળેલી એટલે પેલા ભાઈએ દાદુકાકા ઉપર ખૂબ પસ્તાળ પાડી ને એલફેલ બોલ્યા કર્યું. કાકા તો ઊભા રહ્યા. પેલા બોલી બોલીને કેટલું બોલે ? થાક્યા એટલે કાકા કહે, 'હવે હું જાઉં દર્શન કરવા ?' કેવા સ્થિર પુરુષ ! પછી છાત્રાલયમાં કાકા ને બધા આવી ગયા ને અમે બેઠા હતા. જે ભાઈએ આણંદ મંદિરે કાકાનું અપમાન કર્યું હતું એ અંબાલાલ કલ્યાણ યોજના બહુ મોટા માણસ હતા. જે છાત્રાલય થયું એ જમીન અંબાલાલ-કલ્યાણ યોજનાની હતી. કાકાજીએ અમને અંબાલાલભાઈનાં એટલો મહિમા ને ગુણગાન ગાયાં કે, 'આ માણસ બાપાના કેટલા કૃપાપાત્ર! બાપાની આજ્ઞાથી આ જમીન તેઓએ આપી. એમના પ્રતાપે આપણે હૉસ્ટેલ કરી શક્યા.' અમે બહાર નીકળ્યા પછી ગોરધનદાસ કૉન્ટ્રાક્ટરે આણંદ મંદિરે આ ભાઈએ કાકાનું અપમાન કર્યું હતું તેની વાત કરી. પણ કાકાજીએ જે ગુણગાન ગાયેલાં તો અમને અંબાલાલ-કલ્યાણ યોજના માટે જરા પણ ભાવફેર ના થયો. આ વાત અમે બધાએ જાણી છે એ કાકાને ખબર પડી એટલે અમને બધાને બોલાવ્યા ને કહ્યું કે, 'જુઓ, આપણે એમના વિશે ભાવફેર નહીં કરીએ, એમના માટે પ્રાર્થના કરીએ. એમણે સાંભળેલી વાતોથી બબડાટ કર્યો છે, પણ યાદ રાખો ! આપણે ભજન કરી, એમના વિશે ભાવફેર નહીં કરીએ તો એ વ્યક્તિ આપણને આ મહિનામાં ઘરે જમવા બોલાવશે, લખી રાખો !' આપણે બધાએ પણ આ પ્રયોગ કરવા જેવો છે કે, તમારું કોઈ ખરાબ બોલતો હોય, તમારી કોઈ દુશ્મની કરતો હોય-એને એ કરવાની છૂટ છે, એ ભલે કરતો. પણ આપણને પણ એમના વિશે નિર્દોષભાવ રાખવાની છૂટ છે.

યોગીજી મહારાજે કહ્યું, 'ભગવાન સૌનું ભલું કરો.' બાપાએ એવું ના કહ્યું કે, મને માનતો હોય, મારી આજ્ઞા પાળતો હોય એનું ભલું કરો; ના, સૌનું ભલું કરો. સારું બોલનાર કે ગાળો ભાંડનાર, અપમાન કરનાર-સૌનું ભલું કરો. એ ગુરુના આપણે શિષ્ય છીએ. દાદુકાકાએ એમના જીવનમાં આ ઍપ્લાય કર્યું કે, પેલા ભાઈએ અપમાન કર્યું, પણ એમનું ભલું થાય અને એમના થકી મહારાજ જ બોલ્યા છે એમ માની ધૂન કરી તો તમે માનશો ? બે અઠવાડિયાં પછી અંબાલાલભાઈ મારી પાસે આવ્યા ને કહે, 'તમે બધા ૪૦-૫૦ યુવાનો સાથે દાદુભાઈને મારે જમાડવા છે.' દાદુકાકા ફરી જ્યારે મુંબઈથી આવ્યા ત્યારે આણંદ સ્ટેશનેથી અમે સૌ સીધા એમના ઘરે ગયા, જમ્યા ને ધૂન-ભજન કર્યાં. એમના ઘરે લાડુની રસોઈ જમ્યા. પણ દાદુકાકાને તો અપમાન કરે ત્યારેય મસ્તી, ને લાડવા ખવડાવી હાર પહેરાવે તોય એની એ મસ્તી ! મારી મસ્તી એ મારા ગુરુ યોગીજી મહારાજની પ્રસન્નતા અને ઈષ્ટદેવ સ્વામિનારાયણની કૃપાને લીધે છે. બાહ્ય કોઈ માન-અપમાન થાય, બોલે-ના બોલાવે, ગણે-ના ગણે; એની સાથે કંઈ લેવા-દેવા છે જ નહીં.

તમે અહીં જુઓ તો આ મંદિરનો હૉલ દેખાય છે. ઉપર અગાશીમાં જાવ તો માણાવદર ગામ દેખાશે, એનાથી ઉપર જાવ તો જૂનાગઢ જિલ્લો દેખાશે અને આકાશમાં ૩૩,૦૦૦ ફૂટની ઉંચાઈએ પ્લેનમાં જશો તો વાદળ જ વાદળ દેખાશે, આમાંનું કશું નહીં દેખાય. એમ એ પુરુષ એવી ઊંચાઈ પર પહોંચી ગયા હોય કે જેને આપણે માન-અપમાન કહીએ, સુખ-દુઃખ કહીએ, હરખ-શોક કહીએ-એ કશું એમના લેખામાં આવતું નથી. એવા આપણને સૌને બનાવવા છે ! કેટલી મોટી પ્રાપ્તિ આપણને થઈ છે ! જેનું કોઈ મૂલ્ય આપણે આપવાનું નથી-ફક્ત ધૂળના મૂલે સોનું ! કંઈ કર્યા વગર અક્ષરધામરૂપ થવા માટે અઠવાડિક સત્સંગસભા કરવાની, અડધો કલાક ધૂન કરવાની, જે કમાઓ છો તેની ૧૦ ટકા સેવા ગુરુવચને મંદિરમાં અચૂક આપવાની અને ૧૦ ટકા આયુષ્યનો ધર્માદો પણ કરવાનો. તમારા ૨૪ કલાકમાંથી ૧૦ ટકા જે મિનિટો હોય તેને ભગવાનની સેવામાં કાઢો. 'વચનામૃત', 'સ્વામીની વાતો'નું વાંચન કરો. મંદિરમાં આવીને સેવા કરો અને કોઈની ખટપટ, માથાકૂટ, અમહિમા, ભાવફેરમાં પડશો જ નહીં. આટલું કરવાથી મોટા પુરુષની પ્રસન્નતા પ્રાપ્ત થતાં જે માંગો તે મળશે, ને શોધો તે જડશે. તમે ખુદ અક્ષરદેરીરૂપ બની જશો. એવા આપણને સૌને બનાવવા છે.

કેટલી મોટી પ્રાપ્તિ ! પણ એની પ્રતીતિ નથી એટલે રડ્યા કરીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'રાજાનો કુંવર છે, પણ મૂળા માટે રડે એવું છે. રાજાનો દીકરો છે, તેણે રડવાનું ના હોય. અવાજ કરે કે, મારે મૂળો ખાવો છે, તો એક-બે નહીં, ગાડાં ભરીને મૂળા તેની પાસે આવશે. એમ, આપણને

આટલી મોટી પ્રાપ્તિ થઈ છે, પણ મહંત સ્વામીજી કહે છે એમ, આપણને પ્રતીતિ નથી. પ્રતીતિ નથી એટલે આપણને એનું બળ નથી આવતું. પ્રતીતિ થાય એટલા માટે સ્વાધ્યાય-'વચનામૃત,' 'સ્વામીની વાતો' વાંચો. કેવા પુરુષની આપણને પ્રાપ્તિ થઈ છે, કેવા પુરુષે આપણો હાથ ઝાલ્યો છે, કેવા પુરુષની આપણા પર કૃપા વરસી છે અને કેવું અક્ષરદેરી તુલ્ય આવું અદ્‌ભુત મંદિર આપણને આપ્યું છે ! તે મહિમા સમજો. અને ખરેખર, તમને માણાવદરના સંતોને ધન્યવાદ છે ! અક્ષરદેરીનો જેવો અદ્‌ભુત મહિમા છે એ મહિમાની સુવાસ પ્રસરાવવાનું કામ આ સંતો પોતાનાં જીવનનાં વર્તન દ્વારા કરી રહ્યા છે. એટલે આખા સંતમંડળ તરફથી દિનેશ ને આ સંતોને ખૂબ ખૂબ ધન્યવાદ ! આપણને સૌને અદ્‌ભુત સત્સંગ મળ્યો છે, અદ્‌ભુત સંતો મળ્યા છે, અદ્‌ભુત સત્સંગ સમાજ મળ્યો છે ! બાપા કહે, 'હવે તો આપણે ખોતરીને દુઃખ ઊભું કરીએ તો દુઃખ છે. બાકી દુઃખ છે જ નહીં. સુખ, સુખ ને સુખ જ છે.' ખોતરીને દુઃખ ઊભું કરવું એટલે ? નહીં કામની માથાકૂટ ને ટીકાટિપ્પણ કરીએ છીએ અથવા તો અંદરોઅંદર સંપ, સુહૃદભાવ, એકતા ના રાખવા દે એવી વાતોને ઈમ્પોર્ટન્સ આપીએ છીએ એવી છોકરમતને લીધે સંપ, સુહૃદભાવ ને એકતા તૂટે છે એ ના તૂટવા દો.

બહેનો સોનાની જણસો પહેરીને પાછા ઘરે આવીને એ ગમે ત્યાં મૂકી દે છે ? એ તો કબાટમાં મૂકે, ચાર-પાંચ લોક મારે ને પાછાં હૅન્ડલ મચેડે કે ખુલ્લું તો નથી રહ્યું ને ? સોનું કેટલું સાચવીને રાખીએ છીએ? એની કિંમત સમજીએ છીએ તો તેને સાચવીએ છીએ. એમ, સત્સંગની કિંમત સમજીએ તો એને સાચવીએ. સત્સંગમાં દુઃખી થવું નથી. સંપ, સુહૃદભાવ, એકતા રાખવાથી ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તો આપણું બધું છૂટી જાય. સંપ, સુહૃદભાવ, એકતા રાખવા માટે તમે જે કંઈ કરો એ મોટામાં મોટું તપ છે. પોતાપણું છોડવું, પોતાની જીદ છોડવી, પોતાની માન્યતા છોડવી, પોતાનો વિચાર છોડવો, પોતાનો આગ્રહ છોડવો, પોતાની લાયકિંગ છોડવી. આ બધું છૂટી જશે તો સંપ, સુહૃદભાવ, એકતા રહેશે, અને તો ભગવાન રાજી રહેશે ને અદ્‌ભુત કામ થશે !

દાદુકાકાએ એ જ કર્યું. યોગી ડિવાઈન સોસાયટી, ગુણાતીત જ્યોત, અનુપમ મિશન, સાંકરદા, સોખડા, મુંબઈ, દિલ્હી, પવઈ, વલ્લભવિદ્યાનગર, બ્રહ્મજ્યોતિ કે માણાવદર બધાં સૅન્ટરોને જાગતાં ને ચેતનવંતાં બનાવવામાં કાકાએ મોટામાં મોટો પાયાનો ભાગ ભજવ્યો છે, છતાં બધાંથી નિર્લેપ રહ્યા છે. કોઈ એમને બોલાવે-ના બોલાવે, ગણે-ના ગણે એવું કાંઈ ગણ્યા વગર બાપા રાજી થાય એવી ભક્તિ કરી. તો કાકાજીએ આપણને શિખવાડ્યું છે કે, કોઈ માને, કોઈ પૂજે, કોઈ બોલાવે એના માટે આ સત્સંગ નથી કરતા. સત્સંગ તો મારા આત્મામાં રહેલા પરમાત્માનો પ્રકાશ આખા શરીરમાં પ્રસરે ને દેહભાવથી પર થઈ પ્રભુના ભાવે સુખિયા થવું છે એ માટે કરું છું. તો આવા ભાવથી સત્સંગ કરીએ. એવી કાકાજીના પ્રાગટ્યપર્વે પ્રાર્થના કરીએ. આપે અમારું કશું ગણ્યું નથી, કેવળ ને કેવળ પ્રભુનો સંબંધ જોયો છે. પ્રભુને રાજી કરવા માટે જે કરવું પડે એ કર્યું છે. તે માટે નમવું પડ્યું તો નમ્યા છો, ખમવું પડ્યું ત્યાં ખમ્યા છો - બધું જ કર્યું છે. એ ખરેખર આપ યોગીરૂપ બન્યા ! તો અમે આપના માર્ગે ચાલીએ અને સંપ, સુહૃદભાવ, એકતા રાખી આપનો, પપ્પાજીનો, શ્રી યોગીજી મહારાજનો, શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો થાય એ માટે અમારા પક્ષે જે કરવું પડે તે કરવાનું અમને બળ, બુદ્ધિ ને પ્રેરણા આપજો. અહીંથી જતાં પહેલાં અક્ષરદેરી તુલ્ય મંદિરની મૂર્તિઓ સમક્ષ આપણે ૧૫ મિનિટ ધૂન કરીશું. જેને જે કંઈ પણ વ્યાવહારિક, આધ્યાત્મિક પ્રગતિ માટે-ગમે એવી વિટંબણા હોય તો શ્રી ઠાકોરજી આગળ મૂકી ધૂન કરીશું, તો જોજો ભગવાન કેવું સરસ કામ કરે છે.

સૌને પ્રભુ તન, મન, ધન, આત્માથી સુખિયાં કરે. અમારા સૌ સંતોને ભગવા હૃદયના સાધુ બનાવવાના બાપાના આશીર્વાદ છે તો હસતા-રમતા, ખેલતા-કૂદતા, આનંદપૂર્વક તે સાકાર થાય. અને અમે જેવા છીએ તેવા તમારા છીએ, આપે અમારો સ્વીકાર કર્યો છે-એ અમારું જમા પાસું છે; તો સૌને ભગવા હૃદયના સાધુ બનાવજો. અને એ સાધુઓ સાથે રહીને ભક્તિ કરનાર સર્વે યુવાનો, ગૃહસ્થ ભાઈઓ-બહેનો સર્વને હઠ, માન, ઈર્ષ્યાના ભાવથી ઉપર ઉઠાવી, કામ-ક્રોધાદિક દોષ રહિત બનાવી સુખિયાં સુખિયાં કરજો એવી પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

**(મુખ્ય સભામાં આશીર્દાન)**

મારા આત્મામાં રહેલા પરમાત્માનો પ્રકાશ આખા શરીરમાં પ્રસરે ને દેહભાવથી પર થઈ પ્રભુના ભાવે સુખિયા થવું છે એ માટે કરું છું. તો આવા ભાવથી સત્સંગ કરીએ.

